જા.નં./મા-૨/100 days target/૨૦૨૧/ (7129

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૦/૧૨/૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારૂં.

(એચ.એચ. રાજ્યગુરુ)
જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જીલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જી.સુરત

'100 days target'
અગત્યનું
સમય મર્યાદા

નંમક/આવિ/પ્રિ મેટ્રીક/૧૬૧૨/૨૦૨૧
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી
સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી ભવન
નાનપુરા સુરત
ફોન નં./ફેક્સ નં. (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
Mail ID : vosurat@gmail.com
તા. ૧૮/૧૨/૨૦૨૧

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત-સુરત

(૩) યોજના સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, માંડવી

(૪) તાલુકા વિકાસ અધિકારીશ્રી

બારડોલી, પલસાણા, કામરેજ, ઉમરપાડા, માંડવી, મહુવા, ઓલપાડ, માંગરોળ, ચોર્યાસી

(૫) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત

વિષય- સરકારશ્રીના '100 days target' અભિયાન હેઠળ સમાવિષ્ટ અનુસુચિત જનજાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપ યોજનાની બાકી દરખાસ્ત ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શાળા તરફથી સમય મર્યાદામાં ઓનલાઇન મોકલી આપવા બાબત (વર્ષ -૨૦૨૧-૨૨)

સંદર્ભ – (૧) માન. કલેક્ટરશ્રી, સુરતનો તા. ૧૪/૧૨/૨૦૨૧ નો પત્ર

(૨) અત્રેની કચેરીના તા. ૧૪/૧૨/૨૦૨૧ નો પત્ર

(૩) તા. ૧૮/૧૨/૨૦૨૧ ના રોજ માન.કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગુ.રા. ગાંધીનગર ના અધ્યક્ષ સ્થાને થયેલ વિડીયો કોન્ફરન્સ માં મળેલ સુચના

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, આદિજાતિના ધો-૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પ્રિ મેટ્રીક સ્કોલરશીપ યોજનાને સરકારશ્રીના '100 days target' અભિયાન હેઠળ સમાવિષ્ટ કરવામાં આવેલ છે. જેની પ્રગતિ અંગે સરકારશ્રી તરફથી અવાર નવાર સમીક્ષા કરવામાં આવે છે અને બાકી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સમય મર્યાદામાં ચુકવી ૧૦૦% સિધ્ધી હાંસલ કરવા સુચના આપવામાં આવે છે.

આ અંગે અત્રેની કચેરીના સંદર્ભ-૨ ના પત્રથી સમગ્ર જિલ્લાના ૪૦૮૦ જેટલા બાકી દરખાસ્તવાળા વિદ્યાર્થીઓના ડેટા આપવામાં આવેલ. જે અંગે માન. કલેક્ટરશ્રી, સુરતના સંદર્ભ-૧ ના પત્રથી જરૂરી કામગીરી સમય મર્યાદામાં પુર્ણ કરવા સુચના આપવામાં આવેલ. જે સંદર્ભે શાળાઓ તરફથી કાર્યવાહી કરવામાં આવેલ પરંતુ આજ રોજ અત્રેની વડી કચેરી તરફથી મળેલ ડેટા મુજબ હજુ પણ ૨૬૬૦ વિદ્યાર્થીઓ અંગે શાળા કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની બાકી છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) શાળા કક્ષાએથી સ્કોલરશીપની પ્રપોઝલ બનાવવાની બાકી હોય તેવા ૨૨૧૪ વિદ્યાર્થીઓ

(૨) શાળા કક્ષાએ પ્રપોઝલ બનાવી હોય પરંતુ અત્રે ઓનલાઇન ફોરવર્ડ કરવાની બાકી હોય તેવા ૪૪૬ વિદ્યાર્થીઓ

ઉપરોક્ત વિગતે મળેલ ડેટા તાલુકાવાર(સીટી તાલુકા સહિત) વિભાજિત કરી સોફ્ટ કોપીમાં આ સાથે રજુ કરેલ છે. જે ધ્યાને લઇ સબંધિત આચાર્યશ્રીઓ તરફથી જરૂરી કાર્યવાહી ઝુંબેશ સ્વરૂપે હાથ

H:\devvani\letter.docx

ધરવામાં આવે અને દિન-૨ માં બાકી વિદ્યાર્થીઓની દરખાસ્ત અત્રેની કચેરીને ઓનલાઇન મળી જાય તે રીતે મોકલવા જરૂરી કાર્યવાહી કરવા સુચના આપવા વિનંતી છે.

જેથી સરકારશ્રીના '100 days target' અભિયાન હેઠળની સદર યોજનાના તમામ વિદ્યાર્થીઓને સમય મર્યાદામાં શિષ્યવૃત્તિ ચુકવી શકાય અને 100% સિધ્ધી હાંસલ કરી શકાય.

આ અંગે આજરોજ માન. કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગુ.રા. ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ની હાજરીમાં રાખવામાં આવેલ વીડીયો કોન્ફરન્સમાં બાકી કામગીરી દિન-૨ માં પુર્ણ કરવા સુચના આપેલ છે. જે આપની જાણમાં હશે જ.

આ કામગીરી સંદર્ભે શાળાઓને કોઇ મુશ્કેલી જણાય તો અત્રેની કચેરીનો સંપર્ક કર્યેથી અત્રેથી જરૂરી નિરાકરણ કરવામાં આવશે.

બિડાણ- ઉપરોક્ત વિગતે જણાવેલ ૨ એક્સેલ ફાઇલ

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ-સુરત

સવિનય નકલ રવાના-
માન.કલેક્ટરશ્રી, સુરત તરફ જાણ સારૂ.